**<u>વલસાડના મે. બીજા એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.વલસાડ</u>**

**ફોજદારી કેસ નંબર :–૧૧૧૪/૨૦૨૫**

**આંક:– ૦૬**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : માત્રાભાઈ રાજાભાઈ કાળોતરા**

**ગુન્હો : ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૮૧ તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ–૧૭૭,૧૮૪ મુજબ**

**<u>– :: હુકમ ::–</u>**

૧. હાલના આરોપી ઉપર ફરીયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે.

૨. હાલના ગુન્હાના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત આપી અલગથી કબુલાત પુરશીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, હાલના ગુન્હાના કામે આરોપી દ્રારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી નીચે મુજબનો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::: આખરી હુકમ :::–**

– આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ તકસીરવાન ઠરાવી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે રૂ.૭૦૦/– તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ–૧૭૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે રૂ.૩૦૦/– તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ–૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે રૂ.૧,૦૦૦/– મળી કુલ્લ રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

– જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન : ૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦.૦૫.૨૦૨૬
સ્થળ: વલસાડ

(સોનલકુંવરબા જસવંતસિંહ ચાવડા)
બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
વલસાડ
કોડ નં.જી.જે.૦૧૩૦૭